તા. ૩૦/૧/૨૦૨૦ - ગુજરાત - આજ-કાલ

(૨૯)

# જામનગર ચેમ્બર દ્વારા નિઃશુલ્ક પોસ્ટ બજેટ માર્ગદર્શક સેમીનાર

## વર્ષ ૨૦૨૦-૨૧ના કેન્દ્રીય બજેટ વિશે તજજ્ઞો દ્વારા અપાશે માહિતી તથા માર્ગદર્શન

**આજકાલ કાર્યાલય**
**જામનગર**

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ધી કોમ.ટેકસ પ્રેકટીશનર્સ એસો. તથા જામનગર ટેક્ષ પ્રેકટીશનર્સ એસો.નના સંયુકત ઉપક્રમે જામનગર ચેમ્બર ખાતે કેન્દ્રીય બજેટ ૨૦૨૦ ૨૦૨૧ અંગે એક માર્ગદર્શક પોસ્ટ બજેટ સેમિનરનું આયોજન આગામી તા.૪-૨-૨૦૨૦ મંગળવારના રોજ સાંજના ૫ કલાકથી ૭ સુધી ધીરુભાઈ અંબાણી વાણિજય ભવન, જામનગર રાજકોટ હાઈવે, સુભાષબ્રીજ, નજીક, જામનગર સ્થળે કરવામાં આવેલ છે. આ સેમીનાર વિનામુલ્યે યોજવામાં આવેલ છે.

વર્ષ ૨૦૨૦-૨૧ માટે કેન્દ્રીય નાણામંત્રી દ્વારા આગામીતા.૧-૨-૨૦૨૦ના રોજ બજેટ રજુ કરવામાં આવશે. જે બજેટની સંપુર્ણ માહિતી અનેમાર્ગદર્શન આપવા માટે આ માર્ગદર્શક સેમિનારમાં વકતા તરીકે દિપકભાઈ રીંડાણી, સી.એ. રાજકોટથી કેન્દ્રીય બજેટ અંગેની જોગવાઈઓ બાબતની છણાવટ તથા સમીક્ષા કરવા તથા વારિષભાઈ ઈસાની, એડવોકેટ, અમદાવાદથી પધારી આ બજેટમાં આવનાર જીએસટી કાયદામાંસુધારા વધારા તથા સંભવિત સુધારાઓ અંગેની જોગવાઈઓ બાબતે સમીક્ષા કરી છણાવટ કરવા અને માર્ગદર્શન આપવા ખાસ પધારી માર્ગદર્શન આપશે. ઉપરોકત સેમિનાર ખુબ જ ઉપયોગી હોય આથી ચેમ્બરના તમામ સભ્યઓ તથા રસ ધરાવતા સહુ કોઈને આ સેમીનારમાં ભાગ લેવા અનુરોધ કરવામાં આવેલ છે. તેમ માનદમંત્રી અક્ષતભાઈ વ્યાસની યાદીમાં જણાવાયુંછે.